સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

શિસ્તબદ્ધ-સંસ્કારી 'નવરાત' આપે છે ફોરમ
ગ્રીષ્મે પણ શિતળ કાર્યક્રમ આપે છે ફોરમ
ફોરમ કરે છે શાનદાર સ્વાગત શિશિરનું -
સંસ્કૃતિની ફોરમ ફેલાવે કલ્ચરલ ફોરમ

હાઈકુ

થાય આવક!
- ને બધા વેરા માફ!!
કપડાં વેંચો..
(ચાર કરોડનો કોટ)

સત્યનો સ્ફોટ!
ને ડૂબી રાજનીતિ -
પાસ્કર પોચા!
(અણ આવડત!?)

ચિંતન

એકસ્ય દુખસ્ય ન યાવદંન્તં ગચ્છામ્યહં પારમિવાર્ણવસ્ય ।
તાવદ્ દ્વિતીયં સમુપ સ્થિતં મે છિદ્રેષ્વનર્થા બહુલી ભવન્તિ ॥

'આખો સમુદ્ર ઓળંગવા માટે જેટલો પરિશ્રમ કરવો પડે એટલી મહેનતથી જયાં હું એક દુ:ખ આપત્તિ-મુશ્કેલીમાંથી પાર ઉતરું-ન-ઉતરૂ ત્યાં તો બીજી મુશ્કેલી-દુખ-પીડા મારી આગળ આવીને ઊભું જ હોય છે. ખરેખર જયાં છિદ્ર-દોષ અને નિર્બળતા હોય ત્યાં વારંવાર ડગલે ને પગલે ન ધારી હોય એવી આપત્તિઓ વારંવાર આવીને જ ઊભી રહે છે.'

પૂર્વ જન્મના કર્મોને કારણે આપણી કુંડળીમાં એ કર્મોના દેવો એકઠા થઇ ગત જન્મોના ફળ પરિણામ આપવા જન્મથી જ ઉત્સૂક હોય છે ક્યારેક તો નાનાં બાળકને જન્મતાં જ 'પેટી'માં પૂરાઇ રહેવું પડે, હાર્ટની બિમારી, શ્વાસ, મોતિયા વગેરે તદ્દન નાની ઉમરે થાય છે એ બાળકે આ જન્મમાં જન્મતાં જ શું પાપ કર્યા હોય છે?

આપણી નબળાઇ-દોષ-ઇરાદાપૂર્વક-કરેલી ભૂલો-છેતરપીંડી-કૌભાંડોના ફળ આપણને અહીં જ પગલે પગલે મળે છે - એક કેસ કબાલામાં નિર્દોષ જાહેર થાય ત્યાં બીજું કૌભાંડ ખૂલ્લું થાય - 'કલેકટર' જેવા મોટા માણસને પણ કર્મો છોડતાં નથી.

સુવિચાર

- કોઇએ ગાળ દીધી એટલે ક્રોધ નથી જન્મ્યો, ક્રોધ તો ભીંતર ભરેલો જ હતો આ તો કોઇએ આપેલી ગાળ કામ આવી ગઇ - સંત રોબિન
- જયારે ગુલાબ માંગીએ છીએ ત્યારે તેની સાથે કાંટા માંગી જ લીધા હોય છે આથી જ સદ્‌ગુરુ કહે છે કે પ્રત્યેક સુખને તેનું દુ:ખ હોય છે - નવનીત
- નિર્જળ વાદળ જયારે સજળ થાય કે તરત મન મૂકીને વરસી જાય છે, ફૂલો ખીલે એટલે તરત સુગંધ તેમાંથી વહે છે, એમ જ અમૃતની યાત્રાએ નીકળેલા સંતો, સદ્‌ગુરુઓ પોતાની ભીંતર પ્રગટેલો આનંદ વહેંચતા રહે છે - મોરારિ બાપુ
- જયાં સુધી 'મારા ભગવાન' ની વાતો કરીએ છીએ ત્યાં સુધી તે દુનિયાદારી છે.. પરંતુ જયારે 'હું ભગવાનનો છું' એવું કહીએ છીએ ત્યારે ખરા અર્થમાં ભીતરની બારી ઊઘડે છે - હૃદયસૂત્ર
- આપણે પ્રભુનું શ્રેષ્ઠ સર્જન છીએ... ભગવાન આપણામાં ધબકી રહ્યો છે.. પ્રભુએ પોતાના જ અંશને માણસરૂપે સર્જયો છે.. આપણે આપણી ભીતર જ તેને જોવાનો છે - રાજેશ વ્યાસ
- કારણ કોઇ સમજાતું નથી, કેમ આટલી અક્કડ? ક્યાં લગી આ તાકાત રહેશે? ક્યાં લગી તારી પક્કડ? - આહમદ મકરાણી
- આદર્શો ગોખવા કરતાં આદર્શ ઘડવાં એ દરેક યુવાનનું લક્ષ્ય હોવું જોઇએ- પન્નાલાલ પટેલ

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

આજકાલ છાપામાં કિસ્સા આવે છે, પેન્શનરનું પાકીટ ઝૂંટી ગયા, વિધવાની બંગડી ઉતારી ગયા. મેલુ નાખીને કે થોડા સિક્કા નાખી પૈસા તફડાવી જાય છે. લઇ જનારા પાસે તો બુદ્ધિપૂર્વક અનેક યુક્તિઓ હોય - પણ આપણી અક્કલ ક્યાં પાણી પીવા ગઇ હતી? વ્યક્તિ જો જાતે જ થોડી જાગૃતિ-સાવધાની-અગમચેતી રાખે તો પ્રશ્ચાતાપનો વખત જ ન આવે...

એક ઠગની નજર મુલ્લાં નસરૂદ્દીનની નવી ચંપલ પર હતી. તેથી મસ્જિદથી તેમાં પીછો કરતો હતો. બરાબર એક વૃક્ષ પાસે આવ્યો. જયાં એણે પહેલેથી જ પોતાનો ખલતો ઉપર ઊંચે ચઢાવી દીધો હતો. ત્યાં આવી ઠગે મૂલ્લાને કહ્યું મૂલ્લાથી આ ઝાડ ઉપર મારો ખલતો વાંદરા લઇ ગયા હતા. તમે ઉપર ચડી જરા એ લાવી દો ને - મને ચઢતાં નથી આવડતું.

નસરૂદ્દીન દયાળુ-ભોળા તો હતા પણ એટલા જ બુદ્ધિશળી હતા. વિચાર્યું આટલા માણસો પસાર થાય છે છતાં મને જ શા માટે કહે છે જરૂર કંઇક કાળું છે. છતાં એણે ભેટ પરથી ખેસ ઉતારી એમાં નવી ચંપલ લપેટી ભેટ પર બાંધી ઉપર જવાની તૈયારી કરી. ઠગ કહે, ચંપલ નીચે મૂકતા જાવ. ઉપર કંઇ જરૂર નહીં પડે! મુલ્લાં ઇરાદો સમજી ગયા.

કહ્યું ભાઇ! કદાચ ઉપર કાંટાળો રસ્તો હોય તો કામ લાગે ને?! ઠગને ખલતો પણ ગયો.

Email - sureshchandrabhatt18@gmail.com

સગ્ગા ભત્રીજા અજિત પવાર સામે અબજોનાં કૌભાંડ આચરવાની તપાસની તલવાર લટકતી હોય અને કેન્દ્ર સરકારમાં પવારની ભૂમિકાની ખણખોદ ગમે ત્યારે ગમે તેવી મુશ્કેલીઓ સર્જી શકતી હોય ત્યારે મોદીના ચરણમાં લોટાંગણ થવાનું જ હિતકારી લેખાય

અતીતથી આજ

- ડો.હરિ દેસાઇ

આવ ભાઈ હરખા, આપણે બેઉ સરખા

સત્તાસ્થાને બેઠા પછી કે સત્તાસ્થાને બેસવા માટે સિદ્ધાંતોના મંજીરા વગાડવામાં બાવા થઇ જવાનાં જોખમ વધુ હોવાનું હવે બારામતી(મહારાષ્ટ્ર)માં 'નેચરલી કરપ્ટ પાર્ટી'(એનસીપી)ના સુપ્રીમો શરદ પવારનાં ભરપેટ વખાણ કરનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુપેરે જાણી બેઠા છે. પવાર ક્યારે કોની સાથે ઘર માંડશે એ કહેવું ભારતીય અને ખાસ કરીને મહારાષ્ટ્રના રાજકીય સમીક્ષકો માટે નક્કી મુશ્કેલ છે. 'જીસકે તડમેં લુ, ઉસકે તડમેં હમ' એ સિદ્ધાંત પવારે આખા આયખામાં અપનાવ્યો છે જરૂર, પણ પોતાના રાજકીય કાર્યકરો અને નેતાઓ સાથેના સંબંધ અને એમનાં હિત જાળવવવાનું એમણે કાયમ કેન્દ્રસ્થાને રાખ્યું છે. ઢળતી ઉંમર અને કેન્સરની શસ્ત્રક્રિયા પછી મહારાષ્ટ્રના મુખ્યમંત્રી અને દેશના સંરક્ષણમંત્રી રહેલા શરદ પવાર રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)નો વાવટો સંકેલીને કોંગ્રેસ ભણી ગમન કરશે કે ભારતીય જનતા પક્ષ સાથે ઘર માંડશે એ કહેવું મુશ્કેલ છે. એમના રાજકીય ઇતિહાસમાં આવેલાં પરિવર્તનો સત્તા સાથે યેનકેન પ્રકારેણ સત્તાના સંવનનના સાતત્યની શરદ પવાર બ્રાન્ડ ફોર્મ્યૂલાનો પરિચય કરાવ્યા જ કરે છે.

મૂળે મહારાષ્ટ્રના પ્રથમ મુખ્યમંત્રી યશવંતરાવ ચવ્હાણના ચેલકા એવા પવાર ગુરુથી સો ચાસણી ચડે એવા સાબિત થયા છે. ૧૯૭૮માં વસંતદાદા પાટીલની કોંગ્રેસ સરકારની પીઠમાં ખંજર ભોંકીને રાજયની જનતા પાર્ટીના ઘટકપક્ષો જનસંઘ, સમાજવાદી, શેકાપ(શેતકરી કામગાર પક્ષ) સહિતના સાથે સરકાર રચીને સૌથી યુવાન વયે એટલે કે માત્ર ૩૮વર્ષની વયે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી થનારા પવાર સત્તાકાજે કોઇને પણ છેહ આપવા કે પછી કોઇની પણ સાથે ઘર બાંધવા માટે જાણીતા છે. દિલ્હીમાં મોરારજી દેસાઇના નેતૃત્વમાં જનતા પાર્ટીની સરકાર રચાઇ ત્યારે પવારે પલટી મારીને પુરોગામી લોકશાહી આઘાડીની પુલોદ સરકાર રચીને દિલ્હી સાથે સત્તાનું સંવનન કરવા માટે કોંગ્રેસ(સોશિયલિસ્ટ)ની રચના કરી હતી. સમયાંતરે પવાર કોંગ્રેસમાં પાછા ફરતા અને સત્તારોહણની અનુભૂતિ કરતા રહ્યા છે. છેલ્લે છેલ્લે એમણે કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીના વિદેશી મૂળના મુદ્દે અમ્માને લખેલો પત્ર કોંગ્રેસ દ્વારા એમને દરવાજો બતાવનારો સાબિત થયો. એટલે તેમણે પૂર્ણો સંગમા અને તારીક અનવર સાથે મળીને રાષ્ટ્રવાદી કોંગ્રેસની રચના કરી. પવારની સાથે જ પૂર્વોત્તરના નેતા તથા લોકસભાના અધ્યક્ષ રહેલા પૂર્ણો સંગમા (પાછળથી ભાજપના મિત્ર) અને બિહારના તારીક અનવરે કોંગ્રેસનાં અધ્યક્ષા સોનિયા ગાંધીને એ વેળા લખેલો પત્ર વાંચવા જેવો છે. સોનિયાઅમ્માનાં ભારોભાર ગુણગાન કરતા આ ત્રિપુટીના પત્રમાં સોનિયાના ત્યાગ અને રાજીવના બલિદાનની ગાથા વર્ણવતાં વિનંતી કરાઇ હતી કે તેઓ વડાપ્રધાનપદ કે બીજા બંધારણીય હોદ્દાની મહેચ્છા રાખ્યા વિના દેશસેવા કરે. એનો અર્થ એ કે સોનિયાઅમ્મા પવારને વડાપ્રધાનપદ માટે ટેકો આપે. પવાર એ ગાડી ચૂક્યા. કોંગ્રેસની સાથે સૈદ્ધાંતિક મતભેદ થતાં રાષ્ટ્રવાદી કોંગ્રેસની રચના કર્યા પછી પણ મહારાષ્ટ્ર અને કેન્દ્રમાં એ જ કોંગ્રેસ સાથે ગઠબંધન કરીને દોઢ-દોઢ દાયકા લગી સત્તાનું સંવનન કરવાનું પવારફોર્મ્યૂલામાં જ સફળ થઇ શકે.

ચૂંટણી આવે ત્યારે કોંગ્રેસ સામે તીર તાકવાં અને પોતાના અંતરંગ સાથી એવા વિદર્ભના બીડીસમ્રાટ પ્રફુલ્લ પટેલ નામક મૂળ ચરોતરી નેતાને ભારતીય જનતા પક્ષ સાથે ઇલુ-ઇલુ ખેલ કરવા છુટ્ટા મૂકી દેવાનું શરદ પવારની આગવી કરામત કહેવાય. ગુજરાતની મહાપાલિકાની ચૂંટણીઓ જીતવામાં મુખ્યમંત્રી તરીકે મોદીને એનસીપીનો આવો જ ખેલ ખૂબ માફક આવી ગયો હતો. મહારાષ્ટ્રની છેલ્લી વિધાનસભાની ચૂંટણી લગી નરેન્દ્ર મોદી તો વડાપ્રધાન થઇ ચુક્યા હતા અને શિવસેનાને પોતાના ઇશારે નર્તન કરાવવા માટેનો એમનો સંકલ્પ સફળ થયો, એમાં શરદ પવારની પાર્ટીએ વિનાશરતે જાહેર કરેલા સમર્થનનું યોગદાન ઓછું નથી. મહારાષ્ટ્રમાં ભાજપને સત્તાસ્થાને લાવતાં પહેલાં રાજ્યમાં મોદીએ કોંગ્રેસ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસના ઘણા નેતાને પોતાના ભણી આકર્ષીને ટિકિટો આપી. ચૂંટણીનાં પરિણામ આવ્યાં ત્યારે શિવસેના પોતાની 'બિગ બ્રધર'ની ભૂમિકાના મનોરાજ્યમાં વિહાર કરવામાં હજુ રમમાણ હતી ત્યાં જ પવારે વેળાસર સોગઠી મારીને ભાજપની સરકાર રચવા કોઇપણ શરત વિના સમર્થન આપવાની જાહેરાત કરી.

રાજકારણમાં કશુંય બિનશરત હોતું નથી. પ્રગટપણે કોને કોની કેટલી ગરજ છે એના પર બધું અવલંબે છે. શરદ પવારે છેલ્લાં પંદર વર્ષ સુધી મહારાષ્ટ્રમાં અને છેલ્લા દાયકા લગી કેન્દ્ર સરકારમાં સત્તાનાં સુફળ ભોગવ્યાં છે. એમના સગ્ગા ભત્રીજા અજિત પવાર સામે અબજોનાં કૌભાંડ આચરવાની તપાસની તલવાર લટકતી હોય અને કેન્દ્ર સરકારમાં પવારની ભૂમિકાની ખણખોદ ગમે ત્યારે ગમે તેવી મુશ્કેલીઓ સર્જી શકતી હોય ત્યારે મોદીના ચરણમાં લોટાંગણ થવાનું જ હિતકારી લેખાય. ચૂંટણી પ્રચારમાં મોદીએ પવારની પાર્ટીને 'નેચરલી કરપ્ટ પાર્ટી' ગણાવી અને સામે પક્ષે પવારે પણ મોદીને 'હિટલર' ગણાવવા સુધીનો પ્રચાર કર્યો. મહારાષ્ટ્રમાં દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વમાં ભાજપની સરકાર રચાઇ ત્યારે મિત્રપક્ષ રહેલા શિવસેના થકી ખૂબ નાટકીય ખેલ કરાયા. ગરજના માર્યા શિવસેનાએ મહારાષ્ટ્ર અને કેન્દ્રમાં સરકારમાં જોડાવાનું નક્કી તો કર્યું, પણ વડાપ્રધાન મોદીએ એક જ દિવસે શિવસેનાના નેતા સુરેશ પ્રભુને ભાજપમાં લીધા પછી સીધા જ પ્રધાન બનાવીને એમની શિવસેના તોડવાની ક્ષમતાનો પરિચય કરાવ્યો. શિવસેનાના સુપ્રીમો હવે બાળ ઠાકરે રહ્યા નથી. એમના દેહાંત પછી એમના સાહજિક વારસ એવા ભત્રીજા રાજ ઠાકરેને બદલે 'બ્લડ ઇજ થીકર ધેન વોટર'ના ન્યાયે બાળાસાહેબના પુત્ર ઉદ્ધવ ઠાકરે શિવસેના પ્રમુખ છે. રાજ ઠાકરેએ નોખો ચોકો કર્યો છે. બેઉ પિતરાઇ મોદીચાલીસાની સ્પર્ધામાં રહ્યા છે. મોદીએ બધા વિકલ્પ ખુલ્લા રાખ્યા છે.

મહારાષ્ટ્રમાં વધુ એક મહત્વનો રાજકીય ખેલ પવારઘરાણામાં ખેલાઇ રહ્યો છે. પવારના રાજકીય વારસની સ્પર્ધામાં મહારાષ્ટ્રમાં નાયબ મુખ્યમંત્રી રહેલા ભત્રીજા અજિત પવાર વિરુદ્ધ પવારપુત્રી અને સાંસદ સુપ્રિયા સુળે છે. ભાજપની ફડણવીસ સરકારે અજિતદાદાનાં કૌભાંડની તપાસની જાહેરાત કરી છે. સાથે જ પવારનિષ્ઠ છગન ભુજબળ વિરુદ્ધ પણ કૌભાંડની તપાસના આદેશ આપ્યા છે. ભુજબળ મૂળે શિવસેનાના નેતામાંથી પવારની સાથે કોંગ્રેસમિત્ર રાષ્ટ્રવાદી કોંગ્રેસના વાઘા સ્વીકારનાર અગ્રણી છે. મોદીનો હાથ ઉપર છે. વડાપ્રધાન મોદી અને મુખ્યમંત્રી ફડણવીસ જ પવારઘરાણા માટે નિર્ણાયક પરિબળ બની શકે છે. મોદી કોલ્સ ધ શોટ્સ.

અબજોપતિ પવારઘરાણાનો બારામતી પરનો પ્રભાવ તોડવાનું લગભગ અશક્ય છે. મહારાષ્ટ્રમાં પવારના સકાળ સમાચારપત્ર સમૂહનો પ્રભાવ પણ ઘણો છે. મહારાષ્ટ્રનાં સાખર કારખાનાં પર પ્રભાવની દૃષ્ટિએ અને ચાણક્ય-કવાયતમાં પણ પવાર અગ્રેસર છે. વડાપ્રધાન મોદીએ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના શપથવિધિમાં જવાને બદલે પવારના પ્રદેશમાં જવાનું સ્વીકાર્યું એની પાછળના સૂચિતાર્થો ખૂબ જ સ્પષ્ટ હતા. શિવસેના અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના(એમએનએસ)ના નેતાઓ અનુક્રમે ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેએ મોદીની બારામતીમુલાકાત અંગે કાગારોળ મચાવી છતાં ગુજરાતના ચાણક્યમાંથી રાષ્ટ્રના ચાણક્ય સાબિત થયેલા નરેન્દ્ર દામોદરદાસ મોદીને પોતાનું હિત શામાં છે એનો બરાબર ખ્યાલ છે.

કોઇ પણ જગ્યાએ શુભ પ્રસંગ હોય - લગ્ન પ્રસંગ હોય કે બાળકનો જન્મ પ્રસંગ હોય ત્યારે જેમ ગોળ પાસે માખીઓ અને સાકર પાસે કીડીઓ કોઇ પણ પ્રકારે પહોંચી જાય છે, એ જ રીતે શુભ પ્રસંગોમાં માસીબા (કિન્નરો) પહોંચી જતાં હોય છે અને યેનકેન પ્રકારે નાની-મોટી રકમનું દાપુ લીધા વગર જતાં જ નથી

...આવું પણ બને! વાંચકસભા

- ભગવાનભાઈ કા. પટેલ

આજકાલ છાપાઓમાં મોટાભાગનાં સમાચારોમાં ચોરી લૂંટફાટ, છેતરપીંડી, વિશ્વાસઘાત અને સોનાના દોરાની ચીલઝડપ અને મીઠી મીઠી વાતો કરીને જાણે કે તેઓ આપણને આપવા આવ્યા હોય તેવો ડોળ કરીને - તમો તમારા હાથે જ દરદાગીના અને ધન આપો તે રીતે - છેતરી જવાના સમાચારો વાંચીને આપણે કંટાળી ગયા છીએ. આવા સમાચારોમાં ઊંડા ન ઉતરતાં મથાળા વાંચીને જ આપણે આગળ વાંચીએ છીએ. ત્યારે ગાંધીનગર સમાચારનામાં તા. ૧૯-૨-૨૦૧૫ના સમાચાર કંઇક અલગ જ પ્રકારના વાંચવા મળ્યા છે.

(૧) કોઇ પણ જગ્યાએ શુભ પ્રસંગ હોય - લગ્ન પ્રસંગ હોય કે બાળકનો જન્મ પ્રસંગ હોય ત્યારે જેમ ગોળ પાસે માખીઓ અને સાકર પાસે કીડીઓ કોઇ પણ પ્રકારે પહોંચી જાય છે. એ જ રીતે શુભ પ્રસંગોમાં માસીબા (કિન્નરો) પહોંચી જતાં હોય છે અને યેનકેન પ્રકારે નાની-મોટી રકમનું દાપુ લીધા વગર જતાં જ નથી. ગાંધીનગર સમાચારના પ્રકાશિત સમાચાર મુજબ માણસા મુકામે ગરીબ કન્યાનો લગ્ન પ્રસંગ યોજવામાં આવ્યો હતો. ત્યાં મીના દે નામના માસીબા તોબાટા પાડતાં દાપુ મેળવવાનાં આશયથી પહોંચી ગયા. પણ અહીં વાત કંઇક અલગ જ હતી. ગાંધીનગરનાં બ્રહ્મ સમાજના અગ્રણી દિનેશભાઇ વ્યાસ અને અન્ય મિત્રો દ્વારા 'વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ' નામની સંસ્થા ચલાવે છે જે ગરીબ કન્યાઓના લગ્ન કરાવવા સહિતની સામાજિક પ્રવૃત્તિઓ કરે છે. માણસા મુકામે જે ગરીબ કન્યાનાં હતાં તે આ સંસ્થા દ્વારા યોજવામાં આવ્યાં હતા. આ વાત જાણીને મીના દે માસીબા ખુશ થઇ ગયા હતા અને તેમનાં હૃદયમાં માતૃત્વ અને પિતૃત્વની ભાવના જાગી ઊઠી અને તેમને દાપુ લેવાની જગ્યાએ વિઘ્નેશ્વરી સંસ્થાને અગિયાર હજારનું દાન આપ્યું ઉપરાંત વર-કન્યાને ૫૦૧ + ૫૦૧ ચાલ્લાનાં આપીને આશીર્વાદ આપ્યા ને એક ઉમદા અને ઉદાહરણ પુરું પાડે તેવું કાર્ય કરેલ છે. લેવા આવનાર આપીને જાય તેવા સમાચાર અલગ તરી આવે છે.

આ પ્રકાશિત થયેલ સમાચારની વાત પણ જે પ્રકાશિત થયેલ નથી તેવા બીજા સમાચાર પણ આ વિઘ્નેશ્વરી સંસ્થા સાથે સંકળાયેલા છે.

(૨) આજકાલ છાપાઓમાં આતંકવાદ અને ઇસ્લામિક સ્ટેટના ક્રૂરતાની હદ વટાવતા સમાચારોથી પાનાઓ ભરાય જાય છે. આ આતંકવાદી હુમલાઓમાં પચ્ચીસ પચાસ માણસોના મોતના સમાચારો સામાન્ય થઇ ગયા છે. હમણાં જ પાકિસ્તાનના પેશાવરમાં ૧૪૦ આર્મી સ્કૂલના બાળકોને ક્રૂરતા પૂર્વક ગોળીઓથી વિંધિ નાખવામાં તેમને સહેજે દયા ન આવી. આ જ રીતે ઇસ્લામિક સ્ટેટવાળા રોજે રોજ વિદેશી પત્રકાર કે સૈનિકોના માથા વાઢી નાખે છે અથવા તો હારબંધ ઉભા રાખીને છરા હુલાવી દેવા એ સામાન્ય વાત બની ગઇ છે તે હવે આગળ વધીને તેઓ માણસોને પાંજરામાં પૂરીને પેટ્રોલ છાંટીને જીવતા સળગાવી દેવા જેવા રાક્ષસી કૃત્યો કરવા લાગ્યા છે. આ બધું જ ઇસ્લામના નામે થઇ રહ્યું છે આપણે પણ આતંકવાદનો ભોગ બનેલ છીએ અને તેની પીડા પણ ભોગવેલ છે. ત્યારે સ્વાભાવિક રીતે જ ઇસ્લામ તરફ આપણને એવો પ્રશ્ન અવશ્ય થાય કે જેમ મરઘા બતકા અને બકરાને હલાલ કરવામાં ઓ છે એ જ રીતે પોતાના જ ભાઇઓને-માણસોને - હલાલ કરવામાં તેમને સહેજે દયાભાવ આવતો નથી! આવું કૃત્ય કરનાર ભલે ગણ્યાગાઠ્યા હોવા છતાં તેની અસર દરેક મુસ્લિમને થાય છે પછી ભલે તે કોઇ પણ દેશમાં રહેતા હોય. આવા સમયે સાચા મુસ્લિમોને બંને બાજુનું દુ:ખ છે એ આપણે સ્પષ્ટ રીતે જ જોઇ શકીએ છીએ.

આવા હિંસાના વાતાવરણમાં રણમાં પાણીનો વીરડો મળે તેવું પણ બને. હાલમાં જ સે.૬ ના પ્રદર્શન મેદાન ખાતે શિવમહાપુરાણ કથાનું આયોજન વિઘ્નેશ્વરી સંસ્થાના સહયોગથી થયેલ. ઓછા સમયમાં આયોજન થવાથી સરકારી મંજુરીઓ વગેરે આટોપવામાં કામ માટે સમય ઓછો પડતો હતો. તેમાં પણ કથામાં વિજળીનું જોડાણ અગત્યની અને પાયાની બાબત છે. જો સમયસર જોડાણ ન મળે તો કથા કંઇ રીતે કરવી એ પ્રશ્ન હતો. વિકલ્પે જનરેટરની કામ ચલાવવાનો વિચાર કરેલ. આ વાત મંડળની બાજુમાં આવેલ હેપી હોમ શોપીંગ ફેસ્ટીવલ રાજસ્થાનનાં મુસ્લિમ એવા કાદરભાઇના ધ્યાનમાં આવતાં. તેઓએ કથાનાં આયોજનને હૈયાધારણ આપી કે વિજ જોડાણ ન થયે તો વાંધો નહીં. તમો અમારી જોડાણમાંથી વિજળી વાપરો. અને થયું પણ એવું કે પુરી કથાના આયોજન દરમિયાન કાદરભાઇના વિજ જોડાણમાંથી જ વિજળી વાપરવામાં આવી અને તેના ખર્ચ પેટે તેઓએ એક પૈસો પણ લેવાની સ્પષ્ટ ના પાડી દીધી.

કથાના છેલ્લા (તા.૧૮-૨-૧૫ના) દિવસે કાદરભાઇ અને તેમના નાનાભાઇનું કથાનાં મંચ પર ઉપર સ્વાગત કરી તેમનું બહુમાન કરવામાં આવ્યું. અને તેમનો સભા વચ્ચે આભાર માનવામાં આવ્યો. તેમને 'ૐ નમો શિવાય'ના લખાણવાળો ખેસ પહેરાવવામાં આવ્યો જે બંને ભાઇઓ સહર્ષ સ્વીકારેલ અને પોથી તથા મહારાજનું તથા સભામંડપમાં ઉપસ્થિત સૌનું અભિવાદન કરેલ. ત્યારે એવું વાતાવરણ ખડુ થયેલ હતું કે ક્યાં ઇસ્લામિક આતંકવાદ અને ઇસ્લામિક સ્ટેટના નામે ક્રૂરતાના પ્રતિક બની ગયેલ કટ્ટરવાદીઓની સામે આવા નેકદીલ મુસ્લિમ પણ છે ને શિવકથાનું શ્રવણ પણ કરતાં હતા. કાદરભાઇનું સ્વાગત કરતી વખતે કથાકાર કન્નૈયાલાલ પંડ્યાએ કહેલ કે આપણને જે રીતે શીવલીંગની પૂજા કરીએ છીએ એ જ રીતે મક્કામાં કાબાની થાય છે આપણે પૂજામાં પંચીયુ અને ઉપવસ્ત્ર પહેરીએ છીએ એ જ રીતે મક્કામાં ફરજિયાત બે જ વસ્ત્રો પહેરવાના હોય છે. આમ વાત કરીને તેઓએ બંનેની તુલના કરેલ. હવે નવી વાત આવી છે કે ભગવાન શિવએ પ્રથમ પયગંબર હતા તેવી વાતો થઇ રહી છે. જેમાં ઊંડા ઊતરવા જેવું નથી.

આમ વિઘ્નેશ્વરી સંસ્થા બંને પ્રસંગમાં માધ્યમ બનેલ છે તેમાં મીના દે માસીબા અને કાદરભાઇ પ્રશંસાના સાચા હક્કદાર છે એ સ્વીકારવું જ રહ્યું.

કોઈ પણ વ્યકિતની મરજી સીવાય નાર્કો કે પોલીગ્રાફ ટેસ્ટ થઈ શકે નહિ : સુપ્રિમ કોર્ટ

પોલીસ ગેરકાયદેસર રીતે ટોર્ચર કરી ગુન્હાની કબુલાત કરાવી શકે નહિ

વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com

ભારતની સુપ્રિમ કોર્ટે વ્યકિત સ્વતંત્રતા અંગે ચુકાદો આપતા જણાવ્યું છે કે કોઈ પણ વ્યકિતની સંપૂર્ણ મરજી સીવાય પોલીસ દ્વારા નાર્કો ટેસ્ટ કે પોલીગ્રાફ ટેસ્ટ કરી શકાય નહિ ધરપકડ સમયે પોલીસ દ્વારા લોકઅપમાં આરોપી સાથે ગેર માનવીય, ગેર કાયદેસર રીતે ટોર્ચરીંગ કરી થર્ડ ડિગ્રી દ્વારા યેનકેન પ્રકારે ગુન્હો કબુલાવા માટે દુષ્કૃત્ય આચારવામાં આવે છે જેના કોઈ સાક્ષી હોતા નથી તેમજ આરોપી પણ પોલીસના ડરે કોર્ટમાં થર્ડ ડિગ્રીના જુલમ અંગે નામદાર કોર્ટને ફરીયાદ શુધ્ધા કરતા નથી જો આરોપી નશાનો આદી હોય તો બાતમી કઢાવવા, ગુન્હો કબુલાવા માટે પોલીસ નશાનો સહારો લઈ નશાનો ડોઝ આરોપીને આપી કબુલાત કરાવે છે સામાન્ય નશાથી ઘાર્યું ના થાય તો પોલીસ દ્વારા જ ગેરકાયદેસર અન્યાઈ રીતે અમાવીય રીતે નશાનો ઓવરડોઝ આપી સમગ્ર ગુન્હો કબુલાવે છે સમયાંતરે મીડીયામાં થર્ડ ડિગ્રી ટોર્ચર અંગેની ઘટનાઓ પ્રકાશીત થતી રહે છે પરંતુ પોલીસ દ્વારા નવા નવા અમાનવીય ઉપાયો દ્વારા ગુન્હા કબુલાવાની ઘટનાઓ બનતી જ રહે છે.

માનવ અધિકાર ઉપર ૧૯૫૫ માં થયેલ સંધી મુજબ આવા અમાનવીય બનાવો રોકવા માટે ભારતમાં કોઈ નક્કર કાયદાનું પાલન થતું નથી આપણા સંવિધાનમાં તો માનવ અધિકાર મતલબનો શબ્દ પ્રયોગ જ નથી, પરંતુ ૬ કરોડ કરતા ઓછી માનવ વસ્તીવાળા ફિલીપાઈન્સે માનવ અધિકાર અને ટોર્ચરીંગ અંગે નક્કર કાયદો બનાવેલ છે અને ભારત સરકારને આ કાનૂનને અનુસરવા માટે મુસદ્દો પણ મોકલી આપેલ છે પરંતુ કહેવાતા ગુન્હેગારને મારપીટ કરવો એ પોલીસ પોતાનો અધિકાર સમજે છે. ગુપ્તાંગોમાં મરચું, પેટ્રોલ, કેરોસીન કે ડંડાનો ઉપયોગ કરી ટોર્ચરીંગ કરવામાં આવે છે. સંવેદનશીલ અંગોને વિજળીના ઝટકા આપીને પણ ટોર્ચરીંગ કેટલીક વાર કરવાની ઘટના બહાર આવેલ છે થોડા દિવસ મીડીયામાં જનાક્રોસ જોવા મળે ત્યાબાદ કોઈ જ નક્કર પરિણામ મળતું નથી કેટલીકવાર પોતાનું મૂત્ર જ આરોપીને પીવડાવી ટોર્ચર કરવામાં આવે છે. કેટલીક વાર એક જ પરિવારના સભ્યોને અર્ધનિર્વસ્ત્ર કરી એક સાથે હવાલાતમાં રાખીને ટોર્ચર કરી શરમજનક ઘૃણાસ્પદ વર્તન કરવામાં આવે છે.

કેટલીક વાર કહેવાતા ગુન્હેગારે જો સામાન્ય ટોર્ચરથી ગુન્હાની કબુલાત ના કરે અને ફરિયાદીએ પોલીસ સાથે મળી ઉદ્દેશ સિદ્ધ કરી દીધો હોય તો પછી તો યેનકેન પ્રકારે નવા નવા નુશ્કા અપનાવી પોલીસ દ્વારા કહેવાતા આરોપીને યાતના આપી વિકૃત આનંદ માણતા હોય છે અપશબ્દો, અશ્લીલ ભાષાનો પ્રયોગ એ સામાન્ય વાત હોય છે. નખ, દાંત, વાળ ખેંચવા એ સામાન્ય ઘટના ગણવામાં આવે છે ગુપ્તાંગમાં બીડી, સીગારેટના ડામ પણ સામાન્ય ઘટના જ ગણવામાં આવે છે કેટલીકવાર પોલીસ કસ્ટડીમાં ટોર્ચર યાતના સહન કરનાર પાછળથી નપૂસંક બની જવાના પણ દાખલા ઓછા નથી.

આવી ઘટનાના બનાવોની તપાસ માનવ અધિકાર દ્વારા કરાવવામાં આવે તો પણ તપાસ કર્તા પોલીસ અધિકારી જ હોય છે જેમાં રીપોર્ટમાં કોઈ ગુન્હેગારને સજા ના થાય તેનું ચોક્કસપણે ધ્યાન રાખવામાં આવે છે. પોલીસ પુરાવાનો તડજોડ કરવામાં માહિર હોય છે જેથી અપરાધીક પોલીસને સજા અપાવવામાં ભોગ બનનાર કોર્ટ કચેરીના ધક્કા ખાઈ નાણા અને સમયનો વ્યવ માત્ર કરી હારી, થાકી, કંટાળી આવી ફરીયાદ પરત લેવા મજબુર બને છે.

કોઈ અપરાધી યાતના સહન ના થતા જ પોલીસ લોકઅપમાંથી ભાગી જાય તો ખોટી રીતે જેલ તોડી ભાગી જવાના કેસમાં જ ફીટ કરી દેવામાં આવે છે ભારતની લોકશાહિના રક્ષક જ જયાં ભક્ષક બને તો આમ આદમીને ન્યાય કોણ અપાવે આવા બનાવો, ઘટનારો અંગ્રેજોના કાળાપાણીની સજા કરતા પણ બદત્તર અને શર્મનાક હોય છે આમ આદમીની તો ઓકાદ જ ક્યા હોય જયાં નડિયાદમાં એક મેજીસ્ટ્રેટને પોલીસે જબરજસ્તી દારૂ પીવડાવી ટોર્ચર કરી કસ્ટડીમાં જ ખોટા કેસમાં ફીટ કરેલ અને બજાર વચ્ચે મેજીસ્ટ્રેટનું ગેરકાયદેસરરીતે સરઘસ કાઢેલ અને સમાજમાં બદનામ કરેલ તેમજ ડોકટરો પાસેથી ખોટા આલ્કોહોલીક પ્રમાણપત્રો મેળવી પોલીસ તપાસમાં મેજીસ્ટ્રેટને જ ગુન્હેગાર ગણવ